# પ્રાંતિજ-હરસોલ રોડ પર નહીં કાપવાના વૃક્ષો પણ કાપી નંખાયા

**તંત્રની મીલી ભગતથી અડચણ વિનાના વૃક્ષોનો સોંથ વાળી દીધો : કેટલાય વૃક્ષો ઉપર નંબર માર્કિંગ કરવામાં આવ્યું ન હતુ પણ રોકડીની લ્હાયમાં સ્વાહા : ઉચ્ચકક્ષાએ તપાસની પર્યાવરણ પ્રેમીઓમાં માંગ**

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-હરસોલ-તલોદ રોડ ઉપર વિકાસના કામોને લઈને રોડની સાઈડમાં આવેલ વૃક્ષો અડચણ વિનાના વૃક્ષોનું તંત્રની મીલી ભગતથી વૃક્ષોનુ નિકંદન કાઢવામાં આવતાં પર્યાવરણ પ્રેમી અને વૃક્ષો પ્રેમીઓના જીવ દુભાયા છે અને તંત્ર દ્વારા ઉચ્ચ લેવલે તપાસ થાય તેવી માંગણી ઉઠવા પામી છે.

પ્રાંતિજ-હરસોલ-તલોદ રોડ ઉપર રોડની પહોળાઈ વધારવાને લઈને નળતર ૨૫ વૃક્ષોનું હરાજી દ્વારા વૃક્ષોનું કટીંગનું કામ પૂર્ણ થવાના આરે છે ત્યારે નંબર વગરના કેટલાય વૃક્ષો તંત્રની મીલી ભગતથી સ્વાહા કરી દેવામાં આવ્યા છે. ત્યારે વિના અડચણરૂપ વૃક્ષોનું નિકંદન કાઢતા રાહદારીઓનો છાંયડો છીનવ્યો છે અને



પર્યાવરણ પ્રેમીઓ સાથે વૃક્ષ પ્રેમીઓના જીવ દુભાયા છે.

ત્યારે આ અંગે અધિકારી કે.એમ. પટેલને ફોન ઉપર પુછતા તેઓએ જણાવ્યું હતું કે માર્કિંગ વિનાનું એક પણ વૃક્ષ કાપવામાં આવ્યું નથી. જ્યારે ઝાડ પર માર્કિંગ ના હોવાનું કારણ આપતા કહ્યું કે બે વર્ષ પહેલા કટીંગ માટે કોન્ટ્રાક્ટ આપ્યો હતો જેથી તે સમયે માર્કિંગ કર્યુ હતુ અને જેમ ઝાડનો વિકાસ થયો તેમ માર્કિંગ જતું રહ્યું હશે. આમ જવાબ આપી તેમણે માત્ર બચાવ કર્યો હતો પણ શું બે વર્ષ પછી પણ કાપતા પહેલાં શા માટે ઝાડ ઉપર નંબર કે નિશાન કરવામાં આવ્યું નથી. શુ ખરેખર તંત્રની મીલી ભગત છે. ત્યારે પર્યાવરણ પ્રમીઓ તથા વૃક્ષો પ્રેમીઓ દ્વારા ખરેખર ઉચ્ચ લેવલે તપાસ થાય તેવી માગં ઉઠવા પામી છે. હવે જોવાનું એ રહ્યું કે મોટા ભાગના વૃક્ષોનું નિકંદન પછી ખાડા પણ લેવલ થઈ ગયા છે. ત્યારે યોગ્ય તપાસ થશે કે કેમ એ પણ એક પ્રશ્ન સાથે યોગ્ય તપાસની માંગ સાથે દોષિતો સામે તપાસ બાદ પગલાં લેવાય તેવી માંગણી ઉઠવા પામી છે.

# અમદાવાદથી ઝડપાયેલ પુસ્તકોના ટ્રકનો રેલો ખેડબ્રહ્મા સુધી

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્માની સેવાનિકેતન ટ્રસ્ટ સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાના આચાર્યને અમદાવાદમાં પકડાયેલ પુસ્તકોના ટ્રકના મામલે આશ્રમ શાળા અધિકારીએ નોટીસ આપી ૨૪ કલાકમાં લેખિત અહેવાલ સુપરત કરવા જણાવવામાં આવ્યું છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાની તમામ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના ધો. ૧ થી ૯ ના સત્ર-૧ અને ૨ સરકાર દ્વારા અપાતા પુસ્તકો ખેડબ્રહ્માની સેવાનિકેતન ટ્રસ્ટ સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાના ગોડાઉનમાં ઉતારવામાં આવે છે. અને ખેડબ્રહ્મા આશ્રમશાળા અધિકારીના તાબાની ૬૫ આશ્રમ શાળાઓમાં વિતરણ કરવામાં આવે છે.

દરમિયાન અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પુસ્તકોનો ટ્રક પકડાયેલ તેની ફરીયાદ નોંધાવવામાં આવતા ખેડબ્રહ્મા આશ્રમ શાળા અધિકારી બાબુભાઈ ફુલાભાઈ ચૌધરી હરકતમાં આવ્યા હતા અને

**ખેડબ્રહ્માની સેવાનિકેતન સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાના આચાર્યને નોટીસ**

સેવાનિકેતનમાં રૂબરૂ પહોંચી ગયા હતા અને આશ્રમશાળાના આચાર્ય રાઠોડ બલવંતસિંહ હિંમતસિંહને ૨૪ કલાકમાં વિતરણ કરેલ પુસ્તકોનો લેખિત અહેવાલ સુપરત કરવા નોટીસ આપી હતી. અહેવાલ આપવામાં નહી આવે તો કાયદેસરની કાર્યવાહી કરવાનું પણ જણાવવામાં આવ્યું છે.

## સેવા નિકેતન ટ્રસ્ટ અને આશ્રમશાળા અધિકારી શંકાના દાયરામાં

ખેડબ્રહ્મા આશ્રમ શાળા અધિકારી બી. એફ. ચૌધરીએ ૨૫ ફેબ્રુઆરીના રોજ આશ્રમશાળાના આચાર્યોની મીટીંગ બોલાવી હતી. અને આ મીટીંગમાં પુસ્તકોની પાવતીઓ મેળવી હોવાનું જાણવા મળ્યું છે. પુસ્તકોનો ટ્રક પણ ગુરૂવારે ભરાયો હતો અને આચાર્યોની મીટીંગ પણ તેજ દિવસે મળી હતી. રેકર્ડ પુરેપુરૂ તૈયાર કર્યા પછી ટ્રક ભરાયો હોવાનું માની રહ્યા છે. આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર કેટલાક આટાર્યોએ પુસ્તકો ઓછા મળ્યા હોવા છતાં પુરા પુસ્તકો મળ્યાની પહોંચ લખી આપી હતી. તથા કેટલાક આચાર્યોએ પહોંચ લખી આપવાની ના પાડી હતી. ખેડબ્રહ્મા સેવાનિકેતન ટ્રસ્ટમાંથી સત્ર-૧ અને સત્ર-૨ના પુસ્તકો ભેગા કરી ટ્રક ભરાયાનું જાણવા મળ્યું છે.

## માનપુરની સીમમાં વીજ કરંટ લાગતા યુવકનું મોત

હિંમતનગર તાલુકાના માનપુર ગામની સીમમાં આવેલા એક ખેતરના ફેન્સીંગ તારમાંથી વીજ કરંટ લાગતા ગુરૂવારે સવારના સુમારે માનપુર ગામના ૧૭ વર્ષીય યુવકનું કરૂણ મોત નિપજ્યું હતું. મૃતકના મામાએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં વાવડી અને માનપુરના ચાર શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર ઘટના અંગે તપાસ હાથ ધરી છે. વાવડી ગામના ખેડૂત ગોવિંદભાઈ નાથાભાઈ પટેલ, બાબુભાઈ નાથાભાઈ પટેલ, રમેશભાઈ નાથાભાઈ પટેલે માનપુર ગામે રહેતા કલ્યાણસિંહ હમીરસિંહ મકવાણાના માનપુરની સીમમાં આવેલા કુવા ઉપરથી વીજ કરંટ લઈ તેનો સીમમાં આવેલા ખેતરમાં ઉપયોગ કરી રહ્યા હતા. ગુરૂવારે સવારના નવેક વાગ્યાના સુમારે માનપુર ગામના રહીશ શંભુસિંહ મકવાણાના ભાણેજ કિશોરસિંહ ચૌહાણ ખેતરમાં કરેલી તારની ફેન્સીંગમાં વીજ કરંટ ચાલુ હતો ત્યારે આ વીજ કરંટ લાગતા પટકાયો હતો.

# ધાનેરાના સાંકડ પાસે મોડી રાત્રે ટ્રક અને રીક્ષા વચ્ચે અકસ્માત

પાલનપુર, તા. ૨૬

બનાસકાંઠાના ધાનેરા પાસે મોડી રાત્રે ટ્રક અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા રીક્ષાના



ફૂરચેફૂરચા ઉડી ગયા હતા. રીક્ષા ચાલક ગંભીર રીતે ઘાયલ થતા ૧૦૮માં સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

ધાનેરાનો ચુનાભાઈ નાઈ નામનો રીક્ષાચાલક પોતાની રીક્ષા લઈ ધાનેરા તરફ આવી રહ્યો હતો તે સમય દરમિયાન ધાનેરા તાલુકાના સાંકડ ગામ પાસે સામેથી આવી રહેલી ટ્રક સાથે અકસ્માત સર્જાતા રીક્ષાના ફૂરચેફૂરચા ઉડી ગયા અને રીક્ષાચાલકને પણ ગંભીર ઈજા થઈ હતી. તો બીજી તરફ ટ્રકનો ચાલક ટ્રક મુકી ફરાર થઈ ગયો હતો. અને ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ ધાનેરા ૧૦૮ને કરતા પાયલોટ અંકીતભાઈ અને ઈ.એમ.ટી. ભરતભાઈ ચૌધરી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ઘાયલ રીક્ષાચાલકને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો જ્યાં ફરજ પરના ડોક્ટર મિતેશ ડાભી દ્વારા પ્રાથમિક સારવાર આપી હતી અને હાલત ગંભીર જણાતા વધુ સારવાર અર્થે આગળ રીફર કરવામાં આવ્યો હતો.



## અમીરગઢની જોરાપુર આદર્શ નિવાસી આશ્રમ શાળામાં દારૂની મહેફિલો

ગુજરાતની આશ્રમ શાળાઓમાં વિદ્યાર્થીનીનીઓ સાથે છેડછાડ થવાના કિસ્સા સતત પ્રગટ થતા હોય છે. અમીરગઢ તાલુકાના જોરાપુરા ગામની આદર્શ નિવાસી કન્યા વિદ્યાલયની તમામ વિદ્યાર્થીનીનીઓએ સંસ્થાના ઉપરી અધિકારી ટી. આર. ઠાકોર, તકેદારીના આયોગના અધિકારીઓ દ્વારા સંસ્થામાં રાત્રી દરમિયાન દારૂની તેમજ માંસ મટનની મહેફિલો કરી વિદ્યાર્થીનીનીઓએ તકેદારી આયોગના અધિકારીઓ દ્વારા સંસ્થામાં મહેફિલો કરી હેરાનગતિ કરવાના પગલે તમામ વિદ્યાર્થીનીનીઓએ શિક્ષણનો બહિષ્કાર કર્યો હતો. તેમજ હોસ્ટેલ પણ છોડી દીધી હતી. શાળાના જ પ્રિન્સિપાલે વિદ્યાર્થીનીનીઓની તરફેણ કરી તકેદારીના અધિકારીઓને ઠપકો આપતા ઉપલી અધિકારીઓને પ્રિન્સિપાલની સાત દિવસ અગાઉ બદલી કરી દીધી હતી. વિદ્યાર્થીનીનીઓ તેમજ વાલીઓએ પ્રાયોજના કલેક્ટરને પણ રજૂઆત કરી હતી. વિદ્યાર્થીનીનીઓ તેમજ વાલીઓ કલેક્ટર કચેરીએ તેમજ પ્રાયોજક કલેક્ટરને રજૂઆત કરવા પહોંચ્યા હતા. બીજી તરફ ૧૩૮ જેટલી વિદ્યાર્થીનીનીઓ જૂના પ્રિન્સિપાલને પાછા લાવવા તેમજ તેમની સમસ્યાનું નિરાકરણ લાવવાની માંગ કરી રહી છે.

# ઈકો વાનમાં દારૂની ખેપ મારતો પોલીસકર્મી ઝડપાયો

**બાયડ પોલીસે બસસ્ટેન્ડ નજીકથી મહુધાના પોલીસકર્મીને દારૂની ખેપ મારતા ઝડપી લીધો : ગુજરાત પોલીસ માટે શરમજનક ઘટના**

મોડાસા, તા. ૨૬

ગુજરાત રાજ્યમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતી ઘટના ગુરૂવારે રાત્રે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં રક્ષક જ ભક્ષક બન્યો હોય તેમ ખેડા જિલ્લાનો નડિયાદ તાલુકાના મહુધા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો કોન્સ્ટેબલ મારૂતિ ઈકોકારમાં વિદેશી દારૂની ખેપ મારતો હતો ત્યારે બાયડ પોલીસે બસ સ્ટેન્ડ પાસેથી દબોચી લેતા પોલીસતંત્ર માટે શરમજનક ઘટના બનતા પોલીસ કોન્સ્ટેબલના કરતૂત સામે ફિટકાર વરસ્યો હતો. બાયડ પોલીસે ઈકોકારમાંથી ૮૪૦૦ રૂ.નો બીયર જપ્ત કરી કોન્સ્ટેબલની ધરપકડ કરી અન્ય એક આરોપીને પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



અરવલ્લી જિલ્લાના બાયડ નગરમાં ગુરૂવારે રાત્રીના સમયે ઈકો કારમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી બિયરનો જથ્થો ભરેલી ઈકો કાર અને પોલીસ કોન્સ્ટેબલ ઝડપાઈ જતા આ ઘટનાની જાણ થતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના મહુધા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો સામંતસીંહ છત્રસીંહ શોઢા (રહે. પાલડી, તા. નડિયાદ, જી. ખેડા) મારૂતિ ઈકો કાર (ગાડી જીજે.૦૭. બીએન.૭૩૭૪)માં અન્ય એક શખ્સ સાથે એકબીજાની મદદથી વગર પાસ પરમીટનો ગેરકાયદેસર વિદેશી બિયરનો જુદી જુદી બ્રાન્ડની ૬૦ બોટલો કિંમત રૂ. ૮૪૦૦ તથા ઈકોકારની કિંમત રૂ. ૨૦૦૦૦૦ મળી કુલ મુદ્દમાલ ૨૦૮૪૦૦નો જપ્ત કરી મહુધા પોલીસ કોન્સ્ટેબલને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો. બાયડ પોલીસે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી અન્ય ફરાર એક આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. બાયડ પોલીસતંત્રની નિષ્પક્ષ કામગીરીની જાણ અરવલ્લી જિલ્લાના પ્રજાજનો થતા પોલીસતંત્રની કામગીરીની સરાહના કરી હતી. બાયડ નગર અને



જિલ્લામાં પોલીસે જ કાયદો હાથમાં લઈ દારૂબંધીનો કાયદો ઉઠાવવા બેનંબરી રૂપિયા કમાવવા ગેરકાયદેસર માર્ગે અપનાવતા પોલીસ કોન્સ્ટેબલ સામે પ્રજાજનોએ ફિટકાર વરસાવી હતી.

# ઊંઝામાં ક્રિકેટ સટ્ટાખોરીની બદી વકરી

ઊંઝા, તા. ૨૬

ઊંઝા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ક્રિકેટ મેચ આધારિત સટ્ટા બેટિંગના જુગારની બદી વ્યાપક પ્રમાણમાં ફુલીફાલી હોય તેમ બે દિવસ દરમિયાન આ વિસ્તારમાં ચાર સ્થળોએ પોલીસે દરોડા પાડી ચાર કેસો કર્યા છે.

ઊંઝા તાલુકાના કંથરાવી ગામની સીમમાં આવેલ એક બોરની ઓરડીમાં ચાલતા ક્રિકેટ સટ્ટાધામ પર પોલીસે દરોડો પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે. ત્યાં ઊંઝા, ઉનાવા ને એલસીબી પોલીસે ઊંઝા શહેરમાં બે જગ્યાએ તેમજ વણાગલા ગામની સીમમાં આવેલ તબેલાની ઓરડીમાં ક્રિકેટ સટ્ટાધામ પર પોલીસે દરોડાઓ પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

ઊંઝા ખાતે સ્વામીનારાયણ મંદિર પાસે આવેલ શંકરપરૂના એક મકાનમાં શ્રીસલંકા અને યુ.એ.ઈ. વચ્ચે રમાતી ટ્વેન્ટી ટ્વેન્ટી ક્રિકેટ મેચના જીવંત પ્રસારણ પર જુગાર રમાય છે તેવી મળેલ હકિકતના આધારે મહેસાણા એલસીબી પોલીસે રાતના સમયે અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં પટેલ પરેશ જગદીશભાઈ રહે. શંકરપરૂ ઊંઝાવાળા પોતાના અંગત ફાયદા માટે પોતાના રહેણાંક મકાનમાં શ્રીલંકા અને યુ.એ.ઈ. વચ્ચે રમાતી મેચના જીવંત પ્રસારણ પર મોબાઈલ ફોન દ્વારા ક્રિકેટ સટ્ટાના ગ્રાહકો પાસેથી ભાવો મેળવી સોદાઓ લખાવી જુગાર રમતા રમાડતા ઝડપાઈ ગયા હતા.

જ્યારે અન્ય પાંચ ઈસમો હિરેન રામદેવ પટેલ, પટેલ વિનુભાઈ કદર, પટેલ વિનુ એમ. પટેલ રોહનબાબા, પટેલ સંદિપ કેપ્ટન સ્થળ પરથી ફરાર થઈ ગયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે આ સ્થળેથી ૨૧,૫૦૦ની રોકડ રકમ, લેપટોપ, મોબાઈલ ફોન નંગ-૯, એલ.ઈ.ડી. ટીવી સેટપબોક્સ વિગેરે મળી કુલ ૪૯,૭૦૦ની કિંમતની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે મેહસાણા એલસીબીના પો.કો. શૈલેષકુમાર દશરથજીની ફરીયાદના આધારે ઊંઝા પોલીસે જુગારધારા હેઠળનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

જ્યારે ઊંઝા હાઈવે પર આવેલ એસ.નાઈન કોમ્પલેક્ષની દુકાન નં. ૧૮માં ચાલતા ક્રિકેટ સટ્ટાધામ પર સ્થાનિક પોલીસે દરોડો પાડી શ્રીલંકા અને યુ.એ.ઈ. વચ્ચે રમાતી ક્રિકેટ મેચના જીવંત પ્રસારણ પર બોબડી લાઈનથી ભાવ મેળવી જુગાર રમતા રમાડતા બે ઈસમો પૈકી એક પટેલ દિવ્યેશ કનુભાઈ રહે. ઊંઝાને ઝડપી લીધો હતો. જ્યારે ભજીયો અમરતલાલ પટેલ રહે. ઊંઝા નાસી છૂટ્યો હતો. પકડાયેલ શખ્સ પાસેથી પોલીસે રોકડ રકમ, મોબાઈલ ફોન તેમજ ક્રિકેટ સટ્ટાને લગતા સાધનો કબજે કરી જુગારધારા અન્વયે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઊંઝા નજીકના વણાગલા ગામની સીમમાં આવેલ ચૌધરી લાલજી હેદુભાઈના તબેલાની ઓરડીમાં રાત્રિના સમયે શ્રીલંકા યુએઈ વચ્ચે ચાલતી મેચ પર હારજીતનો જુગાર રમતા રમાડતા ચાર શખ્સો પોલીસે પકડી પાડી રૂપિયા ૧૧,૦૫૦ની રોકડ રકમ મોબાઈલ ફોન નગં-૧૨, જીજે-૦૨સીડી૨૪૨૩ નંબરનું એક્ટીવા, ટી.વી. સેટપબોક્ષ વિગેરે મળી કુલ ૫૮,૮૫૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.





## દાંતા ખાતે મા અંબાની પ્રાણ - પ્રતિષ્ઠા કરાઈ

બનાસકાંઠાના દાંતા તાલુકા મથકે સૌ પ્રથમ વખત મા અંબાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો છે. દાંતા ખાતે રાજવી પરીવારના પરંવીરસિંહ પરમાર દ્વારા રઘુવિરવિલા ખાતે આજે પંચકુંડી મહાયજ્ઞ પ્રાણ પ્રતિષ્ઠા યોજવામાં આવી હતી. જેમાં ગણપતીજી, મહાકાલી, બહુચરમા તેમજ મા અંબાની પ્રતીમાની પ્રતિષ્ઠા પૂર્વે દાંતા નગરમાં વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં હજારો શ્રદ્ધાળુઓ જોડાયા હતા. જ્યારે રઘુવિરવીલા ખાતે બનાવવામાં આવેલ વિશાળ મંદિરમાં માતાજીની પ્રતીમાને બિરાજમાન કરાઈ હતી. જોકે આ પ્રાણ પ્રતિષ્ઠા દ્વારા લોકોમાં આસ્થા ઉજાગર થાય અને માતાજીના દર્શન કરી તેમના દુખડા દૂર થાય તેવા શુભ આશયથી આ પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ હોવાનું રાજવી પરીવારનું માનવું છે.

# હમીરગઢમાં ગ્રીનહાઉસ બનાવવાની લાલચ આપી ૨૪.૫૦ લાખની ઠગાઈ કરાતા પાંચ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર તાલુકાના હમીરગઢ ગામના ખેડૂતને હિંમતનગર તાલુકાના બે અને ઈડર તાલુકાના એક મળી ત્રણ શખ્સોએ ગ્રીનહાઉસ બનાવવાની લાલચ આપી વિશ્વાસ કેળવી હિંમતનગરની વિજયા બેન્કના મેનેજરની મદદથી તા. ૧૦ ડિસેમ્બર ૨૦૧૪ તા. ૧૯ માર્ચ ૨૦૧૫ દરમિયાન રૂ. ૩૧ લાખની લોન મંજુર કરાવી હતી. જે લોનની રકમ પૈકી રૂ. ૨૪.૫૦ લાખની રકમ પુનાની પોલી હાઉસ કંપનીમાં જમા કરવા છતાં અને ખેડૂત પાસે રૂ. ૨૬.૫૦ લાખનો ખર્ચ કરાવીને હમીરગઢના ખેડૂતને ગ્રીનહાઉસનું કામ ન કરી અપાતા ખેડૂતે બુધવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં બેન્ક અને પોલી હાઉસ કંપનીના મેનેજરો સહિત પાંચ જણા વિરૂદ્ધ વિશ્વાસઘાત સાથે છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા મામલો ગરમાયો છે.

હમીરગઢના ખેડૂત સાથે વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરવાના મામલે પ્રાપ્ત વિગત અનુસાર તાલુકાના હમીરગઢ ગામે રહેતા નરેશભાઈ મગનભાઈ પટેલની સર્વે નં. ૬૬, ૮૪, ૨૭૨, ૩૬૮, ૩૭૦, ૩૭૧ અને ૪૪૯ ખેતીની જમીન આવેલી છે. જુલાઈ-૨૦૧૪માં ઈડર તાલુકાના હિંગળાજના રહીશ નિલેષકુમાર ડાહ્યાભાઈ પટેલ અને હિંમતનગર તાલુકાના બેરણાના રહીશ પરેશભાઈ કે. રામીએ નરેશભાઈને મળીને અમો પુનાની સિદ્ધિ વિનાયક પોલી હાઉસ કંપનીના માન્ય એજન્ટ છીએ તેમ કહી ગ્રીનહાઉસ બનાવવા બેન્કમાંથી લોન મંજુર કરાવવા, સબસીડી અપાવવાથી લઈ ગ્રીન બનાવી અપવાવવા સુધીની લાલચ આપી ખેતીમાં સારો ફાયદો મળશે તેમ જણાવ્યું હતું. જેથી તેમણે પોતાની જમીનમાં ગ્રીનહાઉસ બનાવવાનું નક્કી કરી બેરણા અને હિંગળાજના શખ્સોને જમીનના ડોક્યુમેન્ટ માંગતા આપ્યા હતા.

નરેશભાઈ પટેલને તેમની જમીન સર્વે નં. ૬૬, ૮૪, ૨૭૨, ૩૬૮, ૩૭૦, ૩૭૧ અને ૪૪૯ ની જમીનના ૭/૧૨ અને ૮-અ નો ઉતારો તથા હક્કપત્રકની નોંધો સાથે બંને શખ્સોએ હિંમતનગરના મહાવીરનગરમાં આવેલી વિજયા બેન્કમાં બોલાવતા ગયા હતા. તે દરમિયાન નિલેષ તથા પરેશે નરેશભાઈની ઓળખાણ બેન્ક મેનેજર સાથે કરાવી સ્ટેમ્પ પેપરો પર તેમની સહીયો કરાવી હતી. દરમિયાનમાં જાન્યુઆરી ૨૦૧૫માં નરેશભાઈ પટેલના નામે હિંમતનગરની વિજયા બેન્કે ગ્રીનહાઉસ માટે રૂ. ૩૧ લાખની લોન મંજુર કરી હતી.

ગ્રીનહાઉસ માટે વિજયા બેન્કમાં રૂ. ૩૧ લાખની લોન મંજુર થયા બાદ તેમાંથી રૂ. ૧૩ લાખ પરેશ તથા નિલેષને આપેલા તેમજ રૂ. ૧૦ લાખ નરેશભાઈની જાણ બહાર પરેશના ખાતે જમા કરાવ્યા હતા. આમ રૂ. ૨૩ લાખ ઉપરાંત પુનાની સિદ્ધિ વિનાયક પોલી કંપનીમાં એડવાન્સ રૂ. ૩.૫૦ લાખ નરેશભાઈ પાસે જમા કરાવ્યા હતા. આમ નરેશભાઈ પટેલ પાસે રૂ. ૨૬.૫૦ લાખનો ખર્ચ કર્યા છતાં પણ ગ્રીનહાઉસ ન બનાવી અપાતા તેમણે બેન્ક મેનેજર શ્રીવાસ્તવ સમક્ષ ફરિયાદ કરી હતી. લોન લીધા પછી કામ ન થતાં હમીરગઢના ખેડૂત નરેશભાઈ પટેલે પરેશ રામી, નિલેષ પટેલ, સિદ્ધિ વિનાયક પોલી હાઉસના મેનેજર બુરલે તેમજ હિંમતનગર વિજયા બેન્કના મેનેજર શ્રી વાસ્તવનો સંપર્ક કરી મંજુર થયેલ લોનની રકમમાંથી ગ્રીનહાઉસ બનાવી આપવા અથવા તો તેમના લોન ખાતામાં લોનના રૂપિયા જમા કરાવી દેવા કયાસ કર્યો હતો.